Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧ જુના ચક્ષુએ નવો રંગ ... | ... વિનયકાંત કાંતિલાલ મહેતા | ... ૨૧૩ |
| ૨ ધર્મસાગર ઉપાધ્યાય રાસ... | ... મોહનલાલ દલીચંદ દેશાઇ | ... ૨૧૪ |
| ૩ જિન સ્તવન. ... ... | ... રમણિકલાલ છગનલાલ ... | ... ૨૧૭ |
| ૪ અમારી પૂર્વદેશની યાત્રા... | ... મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ | ... ૨૧૮ |
| ૫ લાલચ. ... ... ... | ... મોતીલાલ નરોતમદાસ કાપડીયા | ... ૨૨૧ |
| ૬ પૈસો ... ... ... ... | ,, ,, ... | ... ૨૨૨ |
| ૭ શ્રી તીર્થંકર ચરિત્ર. ... | ... મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ | ... ૨૨૩ |
| ૮ વીર પ્રભુના ઉપસર્ગો ... ... | ...I. A... ... | ... ૨૨૭ |
| ૯ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ... | વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... | ... ૨૩૦ |
| ૧૦ જૈન સમાજમાં લેવાતી કેળવણી સંબંધી ભાષણ. | ... | ... ૨૩૪ |
| ૧૧ વર્તમાન સમાચાર. ... ... ... | ... ... | ... ૨૩૫ |


### નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | |
|---|---|
| શાહ હીરાલાલ મંચ્છાચંદ સોલીસીટર. | મુંબઇ |
| શેઠ નરોત્તમદાસ કેશવલાલ | ઘાટકોપર |

## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપિયા (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે. ઐતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. चैत्र, आत्म सं. ३६. { अंक ९ मो.

## જુના ચક્ષુએ નવો રંગ.

( ગઝલ )

જગત્ મિથ્યા તણા મિથ્યા બધા તે પાસ ભૂલી જા;  
સુખે સુખી દુઃખે દુઃખી થતો તે દિન ભૂલી જા.  
ખલકમાં ખૂબ ખેલેલો દિવાનો થઇ હતો તું જ્યાં;  
પડ્યા તે પ્રેમના કારી હૃદેમાં ઘા વિસારી જા.  
સગાં વ્હાલાં વળ્યાં ટોળે કર્યાં જે લાડ ભૂલી જા;  
અને શત્રુતણા ખોળે વિતાવ્યા કાળ ભૂલી જા.  
પડયો ભૂલો ભ્રમણમાં તું ભમ્યો તે કાળ ભૂલી જા;  
ભમ્યો વા ના ભમ્યો તેયે વસંતે આજ ભૂલી જા.  
વિકારો આ બધા જગના જગત્‌ની સાથ ભૂલી જા;  
થયું જ્યોતિ ભર્યું જગત્ ભર્યો આનંદ ચાલ્યો જા.  
જુના ચક્ષુએ ચઢયો આ રંગ રંગે તે રિઝાવી જા;  
હતો જાણે પ્રમથીયે વિનય આત્માનંદ થઇ જા.

વિનયકાંત કાંતિલાલ મહેતા—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મસાગર ઉપાધ્યાય રાસ.

( સંગ્રાહક અને સંશોધક—**મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ-મુંબઇ,** )

( ગતાંક પૃષ્ટ ૧૯૯ થી શરૂ. )

**પદ્મસાગર**— ધર્મસાગર ગણિના સહોદર ભાઇ વિમલસાગરગણિના શિષ્ય હતા. તેમણે સ્વોપજ્ઞ ટીકા સહિત **નયપ્રકાશાષ્ટક** ( પી. ૪, ૧૦૨ પ્ર૦ હે૦ ગ્રં. પાટણ ), સં. ૧૬૩૪ માં **શીલ**પ્રકાશ ( સ્થૂલિભદ્ર ચરિત્ર ), સં. ૧૬૪૫ માં **ધર્મ**પરીક્ષા વેરાવળમાં ( પ્ર૦ દે૦ લા. ), સં. ૧૬૪૬ માં સૌરાષ્ટ્ર રાષ્ટ્ર સ્થિતિ **મંગલપુર-માંગરોળ**માં રહીને હીરવિજયસૂરિના વૃત્તાંત રૂપે ૨૩૩ શ્લોકમાં **જગદ્ગુરૂ કાવ્ય** ( પ્ર૦ ય. ગ્રં. નં. ૧૪ ) અને સં. ૧૬૫૭ માં ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્વૃત્તિમાંની પ્રાકૃત કથાઓને સંસ્કૃતમાં મૂકી **પી**પાડ ગામમાં **ઉત્તરાધ્યયન કથા** સંગ્રહ ( વે. નં. ૧૭૦૩, ખેડા ભં. ) ની રચના કરી. તેમાં છેવટે જણાવ્યું છે કે:—

ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિ આર્યશ્રી ૬ વિજયદેવસૂરિ રાજ્યે સં. ૧૬૫૭ પીપાડ ગ્રામે પં૦ વિમલસાગર ગણિ શિ૦ પદ્મસાગર ગણિના ગણિ પ્રેમસાગર વાકયેન—

કથાઃ કૃતાઃ પંડિત પદ્મસાગરૈઃ
સ્વશિષ્ય વાકય પ્રણુયેન સંસ્કૃતાઃ ।
પીંપાડિ પુર્યાં જિન પાર્શ્વનાથક—
પ્રસાદતઃ સત્ કુશલાય સંત્વિમાઃ ॥ ૧ ॥

તેમના બીજા ગ્રંથોઃ—**યુક્તિપ્રકાશ** અને તે પર ટીકા, **પ્રમાણપ્રકાશ** અને તે પર વૃત્તિ, **તિલકમંજરી વૃત્તિ, યશોધર ચરિત** આદિ છે.

તે જબરા વાદી હતા. તેણે નરસિંહ ભટ્ટને જીત્યો હતો. વાદવિવાદ શીરોહીના નૃપ પાસે થયો તે વખતે યજ્ઞધર્મની ઉત્થાપના કરી અને બ્રાહ્મણોને હરાવ્યા. પ્રતિમા ઉત્થાપક કરમસી ભંડારીના સવાલનો જવાબ આપી નિરૂત્તર કર્યો ને શીરોહીનો રાજા ખુશી થયો. દિગંબર શ્રમણવાદીને કેવલી આહાર અને સ્ત્રીમુક્તિના વાદમાં જીત્યો. ( જુઓ ઋષભદાસનો હીરવિજયસૂરિ રાસ પૃ. ૨૯૮-૨૯૯. )

ઇડરમાં વિજયદેવસૂરિ ગયા તે વખતે રાજા કલ્યાણમલ્લ હતો, તેણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના આશ્રિત ભટ્ટોની સાથે આચાર્ય મહારાજને તર્કવાદ કરાવ્યો. તે વખતે શ્રી સૂરિના પુણ્યોદયથી તેમની પાસે રહેલા અને વાદીના દર્પરૂપ સર્પને સંહાર કરનાર ગરૂડ સમાન પંડિત શ્રી પદ્મસાગર ગણિએ પોતાની તીવ્ર તર્કશક્તિથી તે ભટ્ટ પંડિતોનો પરાજય કર્યો તેથી તેઓ બધા લજ્જિત થઇ 'અહો ! ગુરૂ મહારાજની અપૂર્વ ગુરૂતા છે ' એવી રીતે સ્તુતિ કરતા, રાજાની સાથે જ સૂરીશ્વરના ચરણકમળમાં પોતાનું મસ્તક મુકયું. ગુણવિજયે ગંધારનગરમાં શ્રાવક શા માલજીની તુષ્ટિ અર્થે વિજયદેવસૂરિ સંબંધે લખેલો પ્રબંધ. તેનો સાર શ્રીજિનવિજયે પુરાતત્ત્વ પુ. ૨ પૃ. ૪૬૧–૪૬૩ પર આપ્યો છે તે જુઓ.

**કલ્પકિરણાવલી**—એ ૧૪૪૮ શ્લોકપ્રમાણ સં. ૧૬૨૮ માં દીવાળીને દિવસે રાધનપુરમાં રચી પૂરી કરી. તે કલ્પસૂત્ર પરની સંસ્કૃત ટીકા છે ને ભાવનગરની જૈન આત્માનંદ સભાએ નં. ૭૧ માં છપાવી પ્રકટ કરી છે. તેમાં પોતાને હીરવિજયસૂરિના શિષ્ય જણાવે છે અને તેના સંબંધમાં પ્રાયઃ તેમના શિષ્ય કૃત પ્રશસ્તીમાં જણાવ્યું છે કે ' કલિકાલમાં પણ તેણે તીર્થંકર સમાન મહિમા પ્રકટ કર્યો છે તે તેના અદ્ભુત માહાત્મ્યના દર્શનથી બધાથી ગવાય છે ' અને ધર્મસાગરજીના સંબંધમાં કહ્યું છે કેઃ—

> **तेषां विजयिनिराज्ये राजन्ते सकलवाचकोत्तंसाः ।**
> **श्री धर्मसागराह्वा निखिलागमकनक कषपट्टाः ॥ ११ ॥**
> **कुमतिमतंगज कुंभस्थलपाटनपाटवेन सिंहसमाः ।**
> **दुर्दम वादि विवादा दपि सततं लब्धजयवादाः ॥ १२ ॥**

—તે ( હીરસૂરિ ) ના વિજયી રાજ્યમાં સકલ વાચકોના આભરણરૂપ સર્વ આગમરૂપી સોનાની કસોટી જેવા, કુમતિરૂપી હાથીનાં કુંભસ્થલને તોડવાની ચતુરાઇવડે સિંહસમા, દુર્દમ વાદીઓના વિવાદમાંથી પણ સતત્ જયવાદ પ્રાપ્ત કરનારા શ્રી ધર્મસાગર નામના ( વાચક ) શોભે છે.

આ કિરણાવલીની સેંકડો પ્રત લખાવનાર કુંવરજી શેઠનો પરિચય તેમાં આપ્યો છે કે ' અમદાવાદવાસી સંઘનાયક સહજપાલ નામના હતા, તેમને મંગા નામની સ્ત્રીથી કુંવરજી નામનો પુત્ર થયો કે જે બાલપણાથી પુણ્યાત્મા ને ધર્મ કર્મપરાયણ હતો અને સાતે ક્ષેત્રમાં ધન વાપરી જેણે સફલ જન્મ કર્યો હતો. જેમકે-શ્રીવિજયદાનસૂરિ પાસે સમહોત્સવ ઘણી પ્રતિષ્ઠા તેણે કરાવી, સંઘપતિ થઇને સિદ્ધગિરિની યાત્રા કરી, શત્રુંજય મહાતીર્થમાં પદ્યાબંધપુરસ્સર ( પગથીઆં બંધાવીને ) ચૈત્ય કરાવ્યું. તાલધ્વજ ( તળાજા ), ઉજ્જયનીગિરિ (ગિરિનાર) એ પ્રસિદ્ધ તીર્થોનો જીર્ણોદ્ધાર કર્યો. તે સંઘપતિએ જ્ઞાનાવરણકર્મનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા ગુરૂના ઉપદેશથી પોતાની પદમાઇ નામની સ્ત્રી અને પુત્ર વિમલદાસ સહિત આ વૃત્તિની પોતે શતશઃ પ્રતિઓ લખાવી.

**જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વૃત્તિ**—આ પ્રકટ થઈ નથી. આની એક પ્રત રૉયલ એશિયાટિક સોસાયટી મુંબઇમાં ભાઉદાજી સંગ્રહ નં. ૩૦૯ માં ૪૫૫ પત્ર સંખ્યાની છે તેની પ્રશસ્તિ પ્રો. વેલણકરે તૈયાર કરેલ કેટેલોગ નં. ૧૪૫૯ માં આપવામાં આવી છે. તેમાં એમ જણાવ્યું છે કે તે હીરવિજયસૂરિએ સં. ૧૬૩૯ માં દિવાળીને દિને રચી અને તેમાં કલ્પકિરણાવલી પ્રમુખ બહુશાસ્ત્રના રચનાર સિદ્ધાંત તર્ક કાવ્યાદિ વાઙ્મયરૂપી સમુદ્રમાં મેરૂરૂપ પરવાદીના ગર્વરૂપી પર્વતને છેદનાર એવા ધર્મસાગર નામના વાચકે તેમજ વાનર ઋષિ (વિજયવિમલ) એ સહાય આપી તેમજ તેનું સંશોધન પાટણમાં ત૦ વિજયસેનસૂરિ, કલ્યાણવિજયગણિ, કલ્યાણકુશલ અને લબ્ધિસાગરે કર્યું હતું અને તેની પ્રશસ્તિ હેમવિજયે રચી. આ પરથી કલ્પના થાય છે કે સૂરિના નામે ધર્મસાગર વાચકે મૂળમાં વૃત્તિ રચી પણ તે ધર્મસાગરજી ખંડનશૈલિવાળા હોવાથી રખેને તેમાં બીજાનું ખંડન હોય તેથી તેનું સંશોધન ઉક્ત વિદ્વાનો પાસે કરાવ્યું હોય. રચ્યા મિતિ સં. ૧૬૩૯ દિવાળી દિન આપી છે જ્યારે હીરવિજય અકબર પાસે હતા. ને આ પ્રશસ્તિમાં જણાવ્યું છે કે અકબરે તેમને બોલાવ્યા. તેના વચનથી અકબર નૃપ કૃપાવાળો થયો ને તેણે—

वध्या न देहिन, इहेति वदन् वचांसि;
दत्ते स्म डामरसरः शमि सिन्दुराणाम् ।

પ્રાણીઓ વધ્ય નથી એવાં વચન વદતો હવો. શમિમાં આગેવાન ( એવા હીરસૂરિ ) ને ડામર સરોવર આપ્યું–અર્પણ કર્યું.

**ધર્મસાગરજીના બીજા ગ્રંથો**—ગુર્વાવલી-પટ્ટાવલી સવૃત્તિ, પર્યુષણા શતક સવૃત્તિ ( વે. નં. ૧૮૪૭–૩૬ પત્રની પ્રત રો. એ. સો. મુંબઈ પાસે છે ) સર્વજ્ઞ શતક સવૃત્તિ ( કે જે ગ્રંથે પણ મોટો કોલાહલ ઉપજાવ્યો હતો ) વર્દ્ધમાન દ્વાત્રિંશિકા ( નવરસારૂસાજ વર્ષે ? ૧૬૬૯ માં ? પ્રવર્તક કાંતિવિજયજી વડોદરા ભંડાર ), ષોડશ શ્લોકી–ગુરૂતત્ત્વ પ્રદીપ દીપિકા સવિવરણ ( બુહ. નં. ૩૯૯ ) વગેરે છે. આ પૈકી ગુર્વાવલીમાં તપાગચ્છના આચાર્યોની હીરવિજયસૂરિ સુધીની પરંપરા આપી છે. તેની એક પ્રતની અંતે જણાવેલું છે કે હીરવિજયસૂરિની આજ્ઞાથી તે વિમલહર્ષ, કલ્યાણવિજય, સોમવિજય અને લબ્ધિસાગર ગણિઓએ મુનિસુંદર કૃત ગુર્વાવલી, જીર્ણ પટ્ટાવલી, દુઃષમા સંઘસ્તોત્ર યંત્ર વગેરે સાથે સરખાવી આ સં. ૧૬૪૮ ના વર્ષમાં અમદાવાદમાં તપાસી હતી. કિં. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લબ્ધિસાગર**—તે ધર્મસાગરના શિષ્ય હતા, મુનિસુંદરસૂરિકૃત ઉપદેશ રત્નાકર સવૃત્તિની સંવત્ ૧૬૭૨ વર્ષે સાગાનગરે મહોપાધ્યાય શ્રી લબ્ધિસાગર ગણિ વાચન કૃતે એમ લેખક પ્રશસ્તિવાળી પ્રત ખેડાના સંઘના ભંડારમાં ૧૯૬ પત્રની છે.

આ રીતે આ જરાક અધૂરો રાસ અને તેમાં આવેલી હકીકત પર પ્રકાશ પાડતી બીજી હકીકતો સહિતનો લેખ પૂરો થાય છે.

# જિન સ્તવન.

( રાગ-મેરે મૌલા બુલાલો )

પ્રભુ દયા લાવો મુજ પાપી પરે;
હું પાપી પણ તાહરો દાસ ખરે.
તાહરા ગુણો સ્તવવા નહિ સમર્થ પંડિત બૃહસ્પતિ;
તો કેમ બને સમર્થ આ શુષ્ક માનવની મતિ ?
હું તો કહું છું માહરા અવગુણ તને—પ્રભુ૦
જીવો તણા વધ હું કરૂં બોલું મૃષાવાદ અરે;
ક્રોધ માયા લોભ રાગ માન બહુ મન માંહ્ય રે.
વળી કામ વિટંબણા પીડે મને—પ્રભુ૦
પાપો અનંતા મેં કર્યાં કરતાં હજુ અટકયો નથી;
વાંકી મતિ મ્હારી સદા અવળુ સુજાડે સત્યથી.
મ્હારૂં ચિત્ત આકુળ વ્યાકુળ બને—પ્રભુ૦
મ્હારે શું કહેવાનું રહે જગનાથ તું જાણે મને;
કાગ ઊડાડે રત્નને તેમ મેં મનુષ્ય ભવને.
યાચું ભવ ભવ ત્હારી સેવ મળે—પ્રભુ૦
વરસાદ વરસે એક સરખો સારી નરસી ભૂ પરે;
ચંદ્ર પ્રકાશે એક સરખો ઉંચ નીચના ઘર પરે.
તેમ કરો કૃપા હું રંક પરે—પ્રભુ૦

ગુરૂકુળ વિદ્યાર્થી,
**રમણિકલાલ છગનલાલ શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૯૪ થી શરૂ. )

ત્યાંથી વિહાર કરી અમે સિંહપુરી—સારનાથ આવ્યા. બનારસથી ૪ માઇલ થાય છે. અહીં શ્રેયાંસનાથ પ્રભુનાં ચાર કલ્યાણુક ચ્યવન, જન્મ, દીક્ષા, અને કેવળજ્ઞાન થયેલાં છે. સિંહપુરીના સ્થાને અત્યારે હિરાપુર–હિરાવનપુર ગામ છે સામાન્ય રીતે ઠીક છે સિંહપુરીનું શ્વેતાંબર જૈન મંદિર ગામથી ૧ માઇલ દૂર જંગલમાં છે ત્યાં આંબાવાડીયું છે. સ્થાન એકાંત ધ્યાન કરવા લાયક છે. એક સુંદર ધર્મશાળા છે. મંદિરના મધ્ય ભાગમાં એક સુંદર જીનમંદિર છે જેમાં શ્રેયાંસનાથ પ્રભુની ભવ્ય મૂર્ત્તિ બિરાજમાન છે તેની સામે સમવસરણના આકારનું મંદિર છે જે શ્રેયાંસનાથ પ્રભુના કેવલજ્ઞાન કલ્યાણકનું ભાન કરાવે છે. તેમાં પ્રભુની ૪ ચરણપાદુકા છે. અગ્નિખુણામાં ઉપરના ભાગમાં નાનું મંદિર છે જેમાં અધિષ્ટાયક દેવની મૂર્તિ સ્થાપિત છે. નૈઋત્ય ખુણામાં શ્રી શ્રેયાંસનાથ પ્રભુની સુતેલ માતાને ચૌદ સ્વપ્નો જૂએ છે તે આરસનાં કોતરેલાં છે, વાયવ્ય ખુણામાં જન્મકલ્યાણકની સ્થાપના છે અને ઇશાન ખુણામાં પ્રભુના દીક્ષા કલ્યાણકની સ્થાપના છે, સુંદર અશોક વૃક્ષ આરસનું બનાવેલ છે. તે નીચે પ્રભુ દીક્ષા લે છે તે દેખાવ છે. નીચેની છત્રીમાં પ્રભુના ગર્ભકલ્યાણની સ્થાપના છે અને એક છત્રીમાં મેરૂ પર્વતનો આકાર, ઇન્દ્રાદિનું આવાગમન અને પ્રભુને ન્હવણ આદિ સૂચક આરસનું બનાવેલ છે. તેમજ એક છત્રીમાં શ્રી શ્રેયાંસનાથ પ્રભુની સુંદર પાદુકાઓ વિરાજમાન છે. એક બાજુ તિર્થોદ્ધારક યતિવર્ય શ્રી કુસલાજી મહારાજની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. કહે છે કે બનારસમાં બ્રાહ્મણના પરિબળને લીધે જૈન મંદિરોની વ્યવસ્થા બરાબર નહોતી, તે વખતે યતિવર્ય શ્રી કુસલાજી મહારાજે જગ્યા મેળવી જૈનોના મંદિરો આદિ વધાર્યાં, જુનું મંદિર એક હતું તેનો ઉદ્ધાર કરાવ્યો અને પછી ધીમે ધીમે મંદિર વધતાં ગયાં. તેમણે ભેલુપુર, ભદ્દયિની અને સિંહપુરી આદિમાં જીર્ણોદ્ધાર કરાવી ટકાવી રાખ્યાં, તેમની મૂર્તિ અહીં છે. ( સમેતશિખર તિર્થમાળામાં વિજયસાગરજી ઉપર પ્રમાણે લખે છે ).

અહીંથી ૦।।–૦।।। માઇલ દૂર બુદ્ધદેવનો મોટો સ્તુપ છે. કહે છે કે તેઓ અહીં આવ્યા ત્યારે બ્રાહ્મણોએ તેમનો વિરોધ કર્યો હતો; પરન્તુ પાછળથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓજ તેમના શિષ્ય થયા હતા. બુદ્ધદેવ ભિક્ષા લાવીને અહીં જ આરોગતા. તે જૂનો સ્તુપ આજે તેમની કીર્તિસ્થંભસમો પ્રેક્ષકનું આકર્ષણ કરે છે. અહીં ખોદ કામ કરતાં જુનિ મૂર્તિઓ શિલાલેખો, મંદિરના ભાગો અને માટીનાં વાસણો આદિ વિવિધ વસ્તુ નીકળે છે જે ત્યાં એક મ્યુઝીયમમાં રાખેલ છે. જૈન મૂર્ત્તિ પણ છે. હાલમાં નવું બૌદ્ધવિહાર-મઠ તૈયાર થાય છે. ( હમણાં પ્રતિષ્ઠા થઈ ગઇ છે. ) ત્યાં નજીકમાં એક બૌદ્ધ પાઠશાળા પણ છે તેમાં આજુબાજુનાં છોકરાંઓ ભણવા આવી બૌદ્ધધર્મના સંસ્કારોથી દૃઢ બની રહેલા છે, એક બૌદ્ધ સાધુ પરમાર્થ ભાવે સેવા બજાવી બુદ્ધ ધર્મનો ફેલાવો કરી રહેલ છે. સંસ્થામાં બુદ્ધદેવના પૂર્વભવનાં ચિત્રો અને તેમના ઉપદેશ સૂત્રો આળેખ્યાં છે. શું કોઇ શાસનદીપક અન રસમાં એક દ જૈનસંસ્થા સ્થાપી તેમાં જીવન અર્પવા તૈયાર થશે?

અહીંથી ચાર કોશ દૂર અને કાશીથી સાત કોશ દૂર **ચંદ્રપુરી** તીર્થ છે. ગામનું નામ પણ ચંદ્રપુરી જ છે. અહીં ચંદ્રપ્રભુજીનાં ચાર કલ્યાણક થયેલાં છે. ગામમાં મોટી ધર્મશાળા છે. ગામ બહાર અનેક ખંડેરો અને ટીંબા ઉભા છે. ધર્મશાળાથી ૧ ફર્લાંગ જેટલે દૂર ગંગાને કાંઠેજ સુંદર ઘાટ ઉપર-ટીલા ઉપર મનોહર જીનમંદિર છે. તે ટીલાને રાજાનો કિલ્લો પણ કહે છે. મંદિરની નજીકમાં દાદાજીની ચરણપાદુકા છે. અહીંથી પટણા ૧૪૬ બનારસથી ૧૬૦ માઇલ દૂર થાય છે. અમે આરા થઇને પટણા ગયા.

પટણા જતાં વચમાં **આરા** આવે છે. આરા બહુ પ્રસિદ્ધ શહેર છે. અહીં દિગંબરોની વસ્તી ઝાઝી છે. સુંદર દિગંબર જીનમંદિરો, મનોહર જ્ઞાન ભુવન અને સુંદર શ્રાવિકાશ્રમ છે. અહીંથી એક સુંદર ત્રૈમાસિક નીકળતું જેમાં ઐતિહાસિક અને પુરાતત્ત્વ વિષયક લેખો બહુ સારા આવતા. તેનો ઉદ્દેશ દિગંબરનું પ્રાચીનત્વ સિદ્ધ કરવું અને દિગંબરી સાહિત્યનો પ્રચાર કરવાનો હતો. ટુંક મુદત જીવી તે પત્ર રામશરણ થઇ ગયેલ છે. આરા આવતાં વચમાં એક **ચુરામણપુર** નાનું ગામ આવે છે. અમે તો સવારમાં વિહાર કરી જલ્દીથી જતા હતા ત્યાં બરાબર સાત વાગે સડકપરજ બાબુ શ્રીયુત...............વકીલ પટણા હાઇ કોર્ટ, મળ્યા. તેમણે જીંદગીમાં કદી પણ જૈનસાધુ તો જોયા ન્હોતા. અમને પૂછયું તમે કોણ છો? અમે કહ્યું, જૈનસાધુ. તેમણે પૂછયું કેવા સાધુ—અમે શ્વેતાંબર સાધુ. પછી તો અમને ઉભા રાખી જૈનદર્શન વિષે વિવિધ પ્રશ્નો પૂછયા, તેના સાહિત્ય માટે પૂછયું. જૈનસાધુના આચાર વિચાર દેવ, જીવ, અને દ્વૈત વિષયક પ્રશ્નો પૂછયા. ખાસા અઢી કલાક ત્યાં ઉભા અને તેમને સંતોષ આપ્યો, પછી તો બહુજ ખુશી થયા; કામસેવા ફરમાવજો. જરૂર પડયે અનેક પ્રકારની મદદ આપવા કહ્યું. તેમણે કહ્યું કે મેં પટણા હાઇકોર્ટમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળેલું કે જૈનધર્મના બે ફિરકા શ્વેતાંબર દિગંબર વર્ષોથી લઢે છે અને હજારો રૂપિયા ખર્ચે છે. આજે મને શ્વેતાંબર સાધુનાં દર્શન અને ઉપદેશનો લાભ મળ્યો જાણી હું મારા આત્માને બહુ જ કૃતકૃત્ય માનું છું. આવા ત્યાગી સાધુઓ જ ભારતનો ઉદ્ધાર કરી શકે તેમ છે. છેવટે કહે કે આ સેવકને આજે લાભ મળવો જોઇએ. આપની ત્રિપુટી મારે ત્યાં રહી શકે તેવી ઝુંપડી-ઘર છે વાંધો નહિં આવે. તેમજ હું સમજણો થયો ત્યારથી માંસ-મછલી આદિ પણ નથી ખાતો અને આપના ઉપદેશથી આજે શપથ સોગન લઉં છું કે મ્હારે ઘેર કદી પણ માંસાહાર નહિં થાય. સુદામાજીના તંદુલની માફક આપ મ્હારો આહાર સ્વીકારો. છેવટ તેમના અત્યંત આગ્રહથી ત્યાં લાભ આપ્યો. અહા ! શું તેમનો ધર્મપ્રેમ અને ઉદાર ભાવના. ન મળે સ્વધર્મનો પક્ષપાત કે દુરાગ્રહ. સત્ય મળ્યું તે તરતજ સ્વીકાર્યું અને જૈનદર્શનના અભ્યાસની ઉત્કટ ઇચ્છા પ્રગટ કરી પુસ્તકો માગ્યાં. પછી અમે આરામાં તેથી વિપરીત જ જોયું. આપણા જ દિગંબર ભાઇઓના દુરાગ્રહની પરિસીમા અમે જોઇ. જો કે બધા તેવા નહોતા, કેટલાકે તો અમને ત્યાં રોકાઇ શ્વેતાંબર સાધુના આચાર વિચાર સમજાવવાની પણ વિનંતી કરેલી. પરંતુ બહુધા શ્રીમંતો તો આકંઠ દુરાગ્રહથી ભરેલા જ જોયા. અસ્તુ. ત્યાંથી વિહાર કરતા સુવર્ણવાલુકા નદી કે જેમાં ભગવાન મહાવીર દેવનું વસ્ત્ર ભરાઇ રહ્યું હતું તે મોટી નદી ઉતરતાં ઘણાને મુશ્કેલીઓ પડી છે તે નદી ઉતર્યા. જોકે અત્યારે જબરજસ્ત પુલ થઇ ગયો છે એટલે મુશ્કેલી નથી પડતી. બાકી તો આ કાંઠેથી નિકળી સામા કાંઠે રોકાવું પડતું. વચમાં રેતના તો ઢગલા જ ખુંદવા પડતા. અમે તો પુલ ઉપરથી પસાર થયા હતા એટલે બહુ અનુકૂળતા રહી હતી. અત્યારે તેનું નામ સોન નદી છે. આ સંબંધે કવિરત્ન સૌભાગ્યવિજયજી પોતાની **તીર્થ માળામાં** આ પ્રમાણે લખે છેઃ—

અનુક્રમે **હો** સોવન નદિ ઘાટકેં વાટ વહેં પટણાતણીજી,
જીહાં વીરનો હો વલગો રહ્યો વસ્ત્રકેં સ્વર્ણવાલકા તે ભણીજી. ૧૫

વડવિસ્તારે હો [1]નદીનો પાટકેં ત્રિણ કોસ થકો તદાજી,
એકવાટે હો ગયા દિશિ જાયકેં અટવિ દુષદાયક સદાજી. ૧૬

( પ્રાચીન તીર્થમાળા પૃ. ૭૯ )

---

૧ અંતે લાંબા વિહાર કરતાં પટણા આવી પહોંચ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લાલચ.

સંસારની ટોચે પહોંચવું મહામુશ્કેલ છે. સંસારી ગૃહસ્થ કે સંન્યાસી જેમ જેમ ઉંચે ચઢે છે તેમ તેમ તેની લાલચોની લીલી હરીયાળી વધુ ને વધુ જામતી જાય છે-આકર્ષતી જાય છે; પરંતુ એજ હરીયાળીને પગ નીચે છુંદી આગળ ધપનાર વીરલા જ છે.

જેમ સમુદ્ર મોટી મોટી નદીઓથી ધરાતો નથી તેમ લાલચુ માણસ મોટો લાભ થયો હોય છતાં તેની લાલચ ઘટતી નથી. " યથા યથા લાભા તથા તથા લોભઃ " લાલચમાં લપટાઇને સારા માણસો પણ નીચ કાર્ય કરતાં ડરતા નથી.

મનુષ્યનાં મનની પ્રબળતા વિલક્ષણ છે. તેની ઉપર વિજય મેળવવો તે ખરેખરૂં શૌર્ય છે. સ્વઆત્મબળથી લાલચની સાથે સંગ્રામ કરી જય મેળવવો તે મનુષ્યત્વનું સર્વોત્તમ લક્ષણ છે.

મનની પ્રબળતા સાધ્ય કર્યા સિવાય મહાન પ્રયાસ કરનારા ગુણી પુરૂષો પણ પોતાના પ્રયાસનું ફળ મેળવી શકતા નથી.

મનની ચપલતાનું મુખ્ય કારણ જો શોધવા બેસીએ તો જણાય તેવું નથી, તથાપિ મનશીલ અને મનોવિદ્યાના જાણનારા પુરૂષોએ તેનું કારણ— લાલચ શોધી કાઢયું છે. લાલચથી મન ડગે છે અને લાલચ ચપળ મનને ભમાવીને અવ્યવસ્થિત કરી નાંખે છે. મનરૂપી વહાણ લાલચરૂપી લંગર સાથે બંધાયેલું છે. ધનની-શરીરની-કીર્તિની-ધર્મની લાલચ આમ દરેક સાંસારિક તથા પારલૌકિક પદાર્થોની સાથે લાલચનું લફરૂં રહેલું છે. આ લાલચને લઇને જ મનુષ્યો સત્કાર્યો અને દુષ્ટ કાર્યો કરે છે. લાભ, લક્ષ્મી અને ચપળતા એ ત્રણ શબ્દોનાં પહેલાં એકેક અક્ષર લઇને લાલચ શબ્દ બનેલો છે. એ ત્રણ અક્ષરની ત્રિપુટીમાં જ લાલચ શબ્દની સાર્થકતા છે.

દુષ્ટ વાયુ જેમ મેઘનો નાશ કરે છે તેમ દ્રવ્યલોભી મનુષ્ય વિવેક-સત્ય-સંતોષ-લજ્જા-પ્રેમ અને દયા પ્રમુખ ગુણોનો નાશ કરે છે.

સંગ્રાહક—શા મોતીલાલ નરોતમદાસ કાપડીઆ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૈસો.

૧ દરેક માણસનું નાણું હંમેશા જોખમમાં હોય છે અને નિયમ પ્રમાણે નાણું મેળવવા કરતાં નાણું ટકાવી રાખવાનું કામ વધારે મુશ્કેલ છે. માટે સાવચેત રહો.

૨ ધન રોકાણરૂપ જંગલમાં કોઇ નકશો હોતો નથી, કે રસ્તાઓનો કોઇ નિશ્ચય કરેલો હોતો નથી; પરંતુ થોડાક એવા પણ માણસો છે કે જેમણે એવા જંગલમાં જીંદગી ખતમ કરી છે અને તેઓ તેની નિશાનીઓ અને તેનાં ભયો સારી રીતે સમજી શકે છે આવા માણસની સલાહ વધુ વિશ્વાસ લાયક છે.

૩ નાણું બાંધી રાખવા કરતાં ફેરવવાથી નફો વધારે થાય છે. દુકાન એ વખાર નથી, પણ માલ રાખવાની એક કામચલાઉ જગ્યા છે એ ધ્યાનમાં રાખો. ( લેવું ને વેચવું ). દરેક સીકકો કાંઇ પણ કામ કરી આપે છે. તમે તેને કામે લગાડો અને થોડા વખતમાં તે વધીને તમારી પાસે આવશે.

૪ જરૂરીયાતની ચીજ માટે જરૂર પડે તો (તંગી હોય તો) નાણા ઉધાર લેવા તે વ્યાજબી છે; પરંતુ શોખની ચીજ માટે દેવું કરવું તે તદ્દન ગેરવ્યાજબી છે.

૫ જેટલા નાણાનો તમે વ્યાપારમાં ઉપયોગ કરી શકો તેટલા જ જરૂર પડે ત્યારે વ્યાજે લેજો અને તમે વ્યાજે લીધેલા નાણાનો તમારે નફાકારક રીતેજ ઉપયોગ કરવો જોઇએ.

૬ વેપારને નાણાની મુસીબતથી ખમવું પડે, તેના કરતાં વ્યાજ આપવું તે વધારે સારૂં છે,

૭ વ્યાજે લીધેલા નાણાનો દરેક રૂપીઓ કમાતો હોવો જોઇએ, નહીં તો તેનાથી લાભને બદલે નુકશાન થાય છે.

૮ રોજનો રૂપીઓ કમાનાર જો રોજ ને રોજ રૂપીઓ વાપરી નાખે તો તે ગરીબ છે અને રોજના આઠ આના કમાનાર જો ચાર આના બચાવ્યા કરે તો તે શ્રીમંત છે.

૯ વાડી–બગીચામાં એદીની જેમ આરામ કરી બાદશાહીમાં બીરાજનારાઓ (ધનવાનો) નાં વદન–મુખનો ચળકાટ એ એમનો પોતાનો ચળકાટ નથી; પરંતુ એ તો મોઢે ફીણ નીકળતાં પાણીદાર ઘોડાઓનાં વદન–મુખનાં ચળકાટ પાસેથી માગી લીધેલો ( ઉછીનો લીધેલો ) ચળકાટ છે.

શા. મોતીલાલ નરોતમદાસ કાપડીઆ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ,

# શ્રીતીર્થંકરચરિત્ર,

## શ્રી ભગવતી સૂત્ર.

( ગતાંક પૃષ્ટ ૧૯૧ થી શરૂ )

૩ શ્રમણ ભગવાન મહાવીર જે એક ચિત્ર વિચિત્ર પુરૂષ કોકિલને જોઇને જાગ્યા, તેથી શ્રમણ ભગવાન મહાવીર વિચિત્ર–સ્વસિદ્ધાંત પર સિદ્ધાંત દર્શક-દ્વાદશાંગ ગણિપીટક ( આચાર્યની જ્ઞાનપેટી ) ને કહે છે, સ્થાપે છે, પ્રરૂપે છે, દેખાડે છે, સ્પષ્ટ કરે છે તથા ઉપદેશે છે. તે આ પ્રમાણે–આચાર સૂત્રકૃત્ યાવત્.... .... દૃષ્ટિવાદ.

૪ શ્રમણ ભગવાન્ મહાવીર જે સર્વરાન ખચિત માલાયુગ્મને જોઇને જાગ્યા, તેથી શ્રમણ ભગવાન્ મહાવીર **ગૃહસ્થધર્મ** અને **અનગારધર્મ** એમ બે ધર્મની પ્રરૂપણા કરે છે.

૫ શ્રમણ ભગવાન્ મહાવીર સ્વપ્નમાં એક મોટો શ્વેત ગોકુળને જોઇને જાગ્યા, તેથી શ્રમણ ભગવાન્ મહાવીરનો ( ચાતુર્વર્ણ્યયુક્ત–જ્ઞાનાદિગુણવાન ) ચતુર્વિધ **શ્રમણ** સંઘ છે. **શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ.**

૬ શ્રમણ ભગવાન્ મહાવીર જે એક મોટા પદ્મસરને જોઇને જાગ્યા. તેથી શ્રમણ ભગવાન્ મહાવીર ચાર પ્રકારના દેવોને પ્રરૂપે છે. તે આ પ્રમાણે–ભૂવન-પતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક.

૭ શ્રમણ ભગવાન્ મહાવીર જે તરંગોવાળા મહાસાગરને જોઇને જાગ્યા, તેથી શ્રમણ ભગવાન્ મહાવીર અનાદિ અનંત યાવત.... .... સંસાર કંતારથી તર્યા ( પાર ગયા. )

૮ શ્રમણ ભગવાન્ મહાવીર જે એક મોટા સૂર્યને જોઇને જાગ્યા. તેથી શ્રમણ ભગવાન્ મહાવીરને અનંત–અનુત્તર-નિર્વ્યાઘાત-નિરાવરણ–અખંડ–સંપૂર્ણ કેવળજ્ઞાન--કેવળદર્શન ઉત્પન્ન થયા.

૯ શ્રમણ ભગવાન્ મહાવીરે જે લીલા વૈડૂર્ય સદૃશ આંતરડાથી વીંટાએલ યાવત........ જોઇને જાગ્યા. તેથી શ્રમણ ભગવાન મહાવીરના યશ, વર્ણનો, શબ્દો અને ગુણકથા દેવલોક, મનુષ્યલોક તથા અસુરલોક ( પાતાલ ) માં પરિભ્રમણ કરે છે ( વ્યાપ્ત છે ) તે આ પ્રમાણે—" બસ! ખરેખર. શ્રમણ ભગવાન્ મહાવીર " ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ શ્રમણ ભગવાન્ મહાવીર જે મેરૂચૂલિકા ઉપર પોતાને જોઇને જાગ્યા. તેથી શ્રમણ ભગવાન્ મહાવીર દેવ, મનુષ્ય અને અસુરોની સભામાં કેવલી પ્રરૂપિત ધર્મને કહે છે. યાવત્........ ઉપદેશે છે.

૧૮-૨-૬૧૭ વિશાખાનગરી બહુપુત્રિકચૈત્ય, ૧૬-૨-૫૩૭ ની પેઠે ઇંદ્રાગમન, ૩૨ નાટક રચના, સૌધર્મેંદ્રનું પુર્વભવ વર્ણન.

હસ્તિનાગપુરના **કાર્તીક શ્રેષ્ઠીનું** વર્ણન, (ચિત્રસારથીની ઉપમા) **મુનિસુવ્રતસ્વામી** તીર્થંકરનું આગમન, ધર્મોપદેશ, શ્રમણોપાસક કાર્તીક શ્રેષ્ઠીનું આગમન, ધર્મશ્રવણ, દિક્ષાની ભાવના, મોટાપુત્રને ઘરભાર સોંપ્યો, **હજાર વણિકોની** સાથે ઉત્સવપૂર્વક દિક્ષાગ્રહણ, તીર્થંકરનો સંયમ પાલનનો ઉપદેશ. સંયમ પાલન, અનશનપૂર્વકસમાધિમરણ, સૌધર્મેંદ્રપણે ઉત્પત્તિ વિગેરે વર્ણન.

૧૮-૩-૬૧૮ પ્રભુ મહાવીરના શિષ્ય માકંદીપુત્ર અણુગાર હતા.

૧૮-૭-૬૩૪ રાજગૃહી નગરી ગુણશીલચૈત્ય પૃથ્વીશિલાપટ્ટ.

કાલોદાયી શૈલોદાયી વિગેરે અન્યયુથિકોએ મદ્દુકશ્રાવકને પંચાસ્તિકાયને દેખવાનો પ્રશ્ન કર્યો. મદ્દુકે અન્યયુથિકોને વાયુ, ગંધ, અરણિનો અગ્નિ, સમુદ્ર કાંઠો, દેવલોકના રૂપ વિગેરેના દેખવાનો પ્રતિપ્રશ્ન કરી છદ્મસ્થિક દર્શનનું સ્વરૂપ જણાવ્યું.

શ્રમણ ભગવાન મહાવીરને વંદન, ભગવાને મદ્દુઆને શાબાશી આપી, ઉપદેશ શ્રવણ, સર્વવિરતિપણાનો અસ્વીકાર, મૃત્યુ, અરૂણાભ દેવલોકમાં ઉત્પત્તિ વિગેરે વર્ણન.

( ૧૮-૭-૬૩૫-૬૩૬ ) દેવયુદ્ધ, દેવ-અસુરયુદ્ધ. )

૧૮-૧૦-૬૪૬, ૬૪૭ વાણીજ્યગ્રામમાં **સોમિલ** બ્રાહ્મણે આઠ પ્રશ્નો પૂછયા; શ્રમણ ભગવાન્ મહાવીરે (જ્ઞાતપુત્રે) તેના ઉત્તરો આપ્યા.

હે સોમિલ ! ૧ મારામાં સુખસંયમ યાત્રા છે, ૨-ઇંદ્રિય-નોઇંદ્રિયના **જાવણિજ્જા** છે, ૩ મારામાં અવ્યાબાધતા, છે ૪ મારો ( આરામ ઉદ્યાન દેવકુલ સભા પરબ **સ્રીનપુંસક** રહિત **વસતિ**માં ) ફ્રાસુકવિહાર છે, ૫ સરસવ ( ધાન્ય-મિત્ર ) ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે, ૬ માસ ( કાલમાષ-અર્થમાષા-ધાન્યમાષ) ભક્ષ્ય છે, અભક્ષ્ય પણ છે, ૭ કુલત્થી ( કુલથી ધાન્ય-કુલસ્રી ) ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે, ૮ હે સોમિલ ! હું એક ( દ્રવ્યથી ) છું, બે પણ ( જ્ઞાન-દર્શનથી) છું, હું અક્ષત છું. ( પ્રદેશથી ) અવ્યય છું, અવસ્થિત છું અને ( ઉપયોગથી ) અનેકરૂપ પણ છું. ઇત્યાદિ.

સોમિલ બ્રાહ્મણે કરેલ શ્રાવક ધર્મ સ્વીકાર વિગેરે વર્ણન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦-૮-૬૭૫ થી ૬૮૨

ભગવાન્ ! કર્મભૂમિઓ કેટલી છે ?

ગૌતમ ! કર્મભૂમિઓ **પંદર** છે. તે આ પ્રમાણે ૫-ભરતો, ૫ ઐરવતો અને ૫ મહાવિદેહો.

ભગવાન્ ! અકર્મભૂમિઓ કેટલી છે !

ગૌતમ ! અકર્મભૂમિઓ ૩૦ છે, ને એ આ પ્રમાણે—૫ હેમવંત, ૫ હિરણ્યવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યકવર્ષ, ૫ દેવકુરૂ અને ૫ ઉત્તર કુરૂ ભગવાન્ ! આ ૩૦ અકર્મભૂમિમાં ઉત્સર્પિણી અવસર્પિણીકાળ છે ?

એ અર્થ ( માન્યતા ) બરાબર નથી ( ત્યાંએ કાળભેદ નથી. )

તે ૫-ભરત્ ૫-ઐરવતમાં ઉત્સર્પિણી અવસર્પિણી કાળ છે ?

હા, છે.

તે ૫-મહાવિદેહમાં ?

નથીજ ઉત્સર્પિણી, નથીજ અવસર્પિણી. હે શ્રમણાયુષ્મન્ ! ત્યાં અવસ્થિત કાળ કહેલો છે. ( ૬૭૫ )

ભગવાન્ ! એ ૫ મહાવિદેહમાં અરિહંતભગવાનો ૫ મહાવ્રત તથા પ્રતિક્રમણયુક્ત ધર્મની પ્રરૂપણા કરે છે ?

એ અર્થ બરાબર નથી. ( એ પ્રમાણે બનતું નથી. )

ભગવાન્ ! આ ૫ ભરત તથા ૫ ઐરવતમાં ?

પહેલા અને છેલ્લા બે અરિહંત ભગવાનો. ૫ મહાવ્રત ૫ અણુવ્રત તથા પ્રતિક્રમણ યુક્ત ધર્મ પ્રરૂપે છે; તે સિવાયના ( બાવીશ ) અરિહંત ભગવંતો **ચાતુર્યામ** ધર્મ પ્રરૂપે છે, તે ૫ મહાવિદેહમાં અરિહંત ભગવાનો **ચાતુર્યામ** ધર્મ પ્રરૂપે છે.

ભગવાન્ ! જંબૂદ્વીપના ભરતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં કેટલા તીર્થંકરો કહ્યા છે ?

ગૌતમ ! ૨૪ **તીર્થંકરો** કહ્યા છે. તે આ પ્રમાણે—ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતિ, સુપ્રભ, સુપાર્શ્વ, શશિ, પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વર્ધમાન. ( સૂત્ર ૬૭૬ )

ભગવાન્ ! એ ચોવીશ તીર્થંકરોમાં જિનાંતરાં કેટલા ?

ગૌતમ ! ત્રેવીશ જિનાંતરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન્ ! એ ત્રેવીશ જિનાંતરમાં કયારે કયા કયા કાલિક**શ્રુતનો** વિચ્છેદ **થયો ?** ( **સૂત્રો નાશ પામ્યા ?** )

ગોતમ ! એ ત્રેવીશ જિનાંતરમાં પહેલાના અને છેલ્લાના આઠ આઠ જિનાંતરમાં કાલિકશ્રુતનો વિચ્છેદ થયો નથી, પણ વચલા સાત જિનાંતરમાં **કાલિકશ્રુતનો** વિચ્છેદ પ્રરૂપ્યો છે; પરંતુ **દ્રષ્ટિવાદનો** વિચ્છેદ તો દરેક જિનાંતરમાં પ્રરૂપ્યો છે. ( સૂત્ર ૬૭૭ )

ભગવાન્ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં આપના પૂર્વગત આગમો ( ૧૪ પૂર્વો ) કેટલો કાળ રહેશે ?

ગૌતમ ! જંબૂદ્વીપના ભરતમાં આ અવસર્પિણીમાં મારા **પૂર્વગત** આગમો (૧૪ પૂર્વો) **એકહજાર** વર્ષ સુધી રહેશે (પછી પૂર્વગતમાં જ્ઞાનનો વિચ્છેદ થશે.)

ભગવાન્ ! જેમ જંબૂદ્વીપના ભરતમાં આ અવસર્પિણીમાં આપનું પૂર્વગત આગમજ્ઞાન એક હજાર વર્ષ સુધી રહેશે. તેમ જંબૂદ્વીપના ભરતમાં આ અવસર્પિણીકાળમાં બાકીના ( ત્રેવીશ ) તીર્થંકરોનું પૂર્વગતજ્ઞાન કેટલો કાળ રહ્યું હતું ?

ગૌતમ ! કેટલાકનું સંખ્યાતો કાળ, કેટલાકનું અસંખ્યાતો કાળ. (૬૭૮)

ભગવાન્ ! આ જંભૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપનું **તીથ** ( શાસન ) કેટલો કાળ રહેશે ?

ગૌતમ ! જંબૂદ્વીપના ભરતમાં આ અવસર્પીણીમાં મારૂં **તીર્થ એકવીશ હજાર** વર્ષ સુધી ચાલશે. ( સૂ. ૬૭૯ )

ભગવાન્ ! જંબૂદ્વીપના ભરતમાં આ અવસર્પિણીકાળમાં આપનું તીર્થ ૨૧૦૦૦ વર્ષ ચાલશે. તેમ જંબૂદ્વીપના ભરતમાં **ભાવિ** ચોવીશમા **તીર્થંકરનુ** તીર્થ કેટલો કાળ રહેશે ?

ગૌતમ ! **ઋષભદેવ** અરિહંત કૌશલિકના **જિનપર્યાય** ( કેવળીપર્યાય ) નો જેટલો કાળ ( હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ ) છે. **તેટલાજ સંખ્યાતા કાળ** સુધી ભાવિ ચોવીશમા તીર્થંકરનું **તીર્થ** ચાલશે. ( સૂત્ર ૬૮૦ )

ભગવાન્ ! **તીર્થ** ( સંઘ ) એ **તીર્થ** છે ? કે **તીર્થંકર** એ **તીર્થ** છે ?

ગૌતમ ! ખરેખર **અરિહંતો** તો નિશ્ચયે **તીર્થંકર** ( તીર્થનાયક ) છે; પરંતુ **તીર્થ** તો ચાર વર્ણવાળો-ગુણયુકત **શ્રમણસંઘજ** છે. તે આ પ્રમાણે—**શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ.** ( સૂત્ર ૬૮૧ )

ભગવાન્ ! આગમ એજ પ્રવચન છે ? કે પ્રવચની એજ પ્રવચન છે ?

ગૌતમ ! ખરેખર અરિહંતો નિશ્ચયે **પ્રવચની** છે. જ્યારે દ્વાદશાંગી ગણિપિટક એજ પ્રવચન છે. તે આ પ્રમાણે-આચાર યાવત્....દષ્ટિવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીરપ્રભુના ઉપસર્ગો.

**( તેમના જીવનમાંથી સાંભળી સહનશિલતારૂપી ગુણ મનુષ્યે મેળવવો તેજ જયંતીઓ ઉજવવાનો હેતુ હોવો જોઇએ. )**

ચૈત્ર માસ ધર્મદૃષ્ટિએ ઉત્તમ મનાય છે. આ માસમાં શ્રી સિદ્ધચક્રજી મહારાજની ભક્તિ–આયંબીલ તપ–ઓળી થાય છે, તેમજ આ માસમાં હનુમાનજી, રામચંદ્રજી અને જગદ્‌ગુરૂ મહાવીર પ્રભુ જેવા પવિત્ર પુરૂષોનો જન્મ પણ થએલ છે. કેટલાક વખતથી કેટલેક સ્થળે એ વીર પરમાત્માની જયંતી ઉજવાય છે ઉજવાઇ ગયેલ હશે. માત્ર મેળાવડો, ભાષણ, પ્રભુનું જીવન ચરિત્ર કે પછી ભક્તિ તેટલું તો થયું હશે અને તે પણ દરવર્ષના રિવાજ મુજબ પ્રથા પ્રમાણે; પરંતુ જ્યાંસુધી જયંતી ઉજવવાનો હેતુ જે મહાપુરૂષની જયંતી ઉજવવાની હોય છે તેમના ગુણો, આચરણ, પ્રવૃત્તિ તેમાંથી થોડા ઘણા અંશે પણ આપણા જીવનમાં ન ઉતારીએ, બની શકે તેવી પ્રવૃત્તિ, ગુણો આચરણમાં ન મુકીએ ત્યાંસુધી તો માત્ર ઉપર કહ્યા પ્રમાણે રિવાજ, પ્રથા અને દેખાવ સિવાય વિશેષ કર્યું શી રીતે કહેવાય ?

આ લેખ લખવાનો હેતુ ઉપર જણાવ્યા પ્રમાણે હોવાથી શ્રી વીરપરમાત્માના જન્મના મહિને આ અંક પ્રગટ થતો હોવાથી વીરપ્રભુના ઉપસર્ગો સંબંધી કંઇ આ લેખકનો લખવાનો ઇરાદો છે.

---

ભગવાન્ ! જે આ ઉગ્રકુલવાળા, ભોગકુલવાળા, રાજન્યકુલવાળા, ઇક્ષ્વાકુકુલવાળા, જ્ઞાતકુલવાળા તથા કોરવકુલવાળા ( ક્ષત્રિયો–રાજાઓ ) છે. તે આ ધર્મમાં પ્રવેશ કરે છે ? આ ધર્મમાં પ્રવેશીને અષ્ટવિધ કર્મમળને પખાળે છે ? પખાળીને સિદ્ધ થાય છે ? યાવત્...સર્વ કર્મનો અંત કરે છે ?

હા. ગૌતમ ! જે આ ઉગ્રકુલીન ભોગકુલીન વિગેરે તે યાવત્....અંત કરે છે અને કેટલાક હરકોઇ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

ભગવાન્ ! દેવલોક કેટલા પ્રકારે છે ?

ગૌતમ ! દેવલોક ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—ભૂવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક.

હે ભગવાન્ ! તે એ પ્રમાણે છે.

( ૨૦–૯–૬૮૩–૮૪ જંઘાચરણ વિદ્યાચરણ મુનિઓની ગતિ. ચૈત્યવંદન વિગેરે ).

**ભગવતીસૂત્ર સમાપ્ત.** ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે એક તુંકારો, અપમાન, શારીરિક કે આર્થિક બીજા મનુષ્યે કરેલ નુકસાન સહન કરી શકતા નથી; પરંતુ શ્રી વીરપરમાત્માએ કર્મને કાપી મોક્ષ મેળવવા તેજ ભવમાં કેવા કેવા અન્યોએ કરેલા ઉપસર્ગો સહન કર્યા છે તે સંબંધી કંઇ જણાવવા આ લેખ લખાય છે.

વીરપ્રભુના તે જીવનમાં પરમાત્માની પ્રતીતિનું કારણ બીજા કારણો સાથે ઘોર ઉપસર્ગો સહ્યા તે છે. કોઇ પણ સામાન્ય મનુષ્યને પણ વીરપરમાત્મા પ્રત્યે જે પૂજ્યબુદ્ધિ થાય છે તેનું કારણ પણ ઉપસર્ગો સામે પ્રભુએ ધારણ કરેલ અપૂર્વ ક્ષમા છે. અને તે દુઃખો સાંભળનાર મનુષ્ય પ્રભુની અપૂર્વ સહનશકિતનો ખ્યાલ કરી પોતાને થયેલ કોઈ દુઃખો વખતે દિલાસો મેળવી શકે છે. વ્યવહારમાં પણ એક મિત્રના પ્રેમની પણ કસોટી ત્યારે જ થાય છે કે જ્યારે ખરે વખતે આત્મભોગ આપી પોતાની જાતને તુચ્છ ગણી પોતાના મિત્રના કાર્યને માટે પોતાની જાત વેચવાને અને સહનશીલતા રાખવાને હર્ષપૂર્વક તૈયાર થાય છે. જ્યારે મનુષ્યને અસહ્ય દુઃખ પડયું હોય, મુશ્કેલી અને પીડાથી દિઙ્મૂઢ બની ગયો હોય અને જે જે માથે પડતું હોય તે શાંતપણે સહન કરવા પડતા હોય ત્યારે સત્ય અને ભલાઇ માટેની પવિત્ર માન્યતા, પ્રભુની ભકિત અને પ્રાર્થના ખરા રૂપમાં થાય છે; પરંતુ સુખ શાંતિ હોય અને ઠીકઠાક બધું ધોરણ ચાલતું હોય ત્યારે તેવી આતુરતા કોઇને ભાગ્યે જ હોય છે. માટે વીરપ્રભુના વર્ત્તન અને ગુણો સાથે આપણે સંબંધ રાખવાને આપણું માનુષિક ઉત્તમ આચરણ પ્રેમ અને પવિત્રતાથી ભરપૂર રાખવું જોઇએ અને વીરપરમાત્માએ તે ભવમાં મનુષ્યપણે જે દુઃખો સહન કર્યા છે અને તે વખતે પોતાના શરીરની બીલકુલ દરકાર નહિં રાખતાં તુચ્છ ગણી અને અનેક આત્માને તેથી પણ જે તાર્યા છે તેનો ખંતપૂર્વક અભ્યાસ કરી, તેમના અદ્વિતીય જીવનને આપણા હૃદયમાં આળેખી રાખવું જોઇએ. ગમે તેવા દૈવિક ઉપકારના કાર્યથી પરમાત્માનો પ્રેમ મનુષ્યથી મેળવાતો નથી. અખૂટ દૈવી શકિત વીર પ્રભુમાં હતી, તેટલું જ નહિં પરંતુ જેનામાં આખું બ્રહ્માંડ ડોલાવવાની શકિત હતી છતાં તે પોતે દુઃખો સહન કરે છે તેથી જ તેમના અજબ અને અનંત સહનશીલપણાની અપૂર્વ ખાતરી થાય છે.

વીરપ્રભુને તેવે વખતે પોતાની શકિત બતાવવામાં કોઇ પણ વાંધો નહોતો, તેમના જ્ઞાનનો ખજાનો પણ અખૂટ અને ભરપૂર હતો અને અનંત શકિતનો પ્રવાહ પણ ચાલુ હતો; તેઓશ્રીના ઉપકારના કિરણોનું અજવાળું ઓછું કરવાને કોઇપણ અંધકારમાં તાકાત નહોતી. તેમનો આત્મા સર્વશકિતમાન હતો; પરંતુ તે છતાં તેમણે અતિ સહનશીલપણે જે ઘોર ઉપસર્ગો સહન કરી કર્મશત્રુઓનો પરાજય કર્યો છે તેનું રહસ્ય સમજવાથી, મનન કરવાથી મનુષ્ય આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરપ્રભુનો આત્મભોગ જુદા જ પ્રકારનો હતો. મનુષ્યને જે કુદરતી બક્ષીસ મળેલી હોય છે તે માત્ર જોતાં વીર પરમાત્મામાં શ્રેષ્ટતા અને ભલાઇનો જે અખૂટ ખજાનો હતો, પ્રાણીઓના ઉદ્ધારને માટે ઉપકારની લાગણીનો જે પ્રવાહ છુટતો હતો અને જેની બરોબરી કરવાને કોઇપણ સામર્થ્યવાન નહોતું તેમજ તેની જગ્યા રોકે તેવો કોઇપણ મનુષ્ય આ કાળમાં આ પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતો નહોતો તે શ્રી વીરપ્રભુના આ ઉપસર્ગો અને તે સામે રાખેલ સહનશીલતા કોઇ ઉંડા રહસ્યને સૂચવે છે. જગતના અનંત પદાર્થોમાં બે મુખ્ય છે. અને તેમાં સૌથી ષ્ઠતા આત્માની છે. આત્મા અનાદિ છે અને નિશ્ચયથી પરમાત્મા સ્વરૂપી હોવાથી જગતનો બીજો પદાર્થ તેની બરોબરી કરી શકે તેવું નથી. સઘળા આત્માઓ અનાદકાળથી અપૂર્ણ છે, કર્મની મલિનતા પણ અનાદિકાળથી તેને લાગેલી છે; પરંતુ માત્ર વીરપરમાત્મા તે વખતે એકજ પવિત્ર આત્મા હતા અને બીજાઓ તે વખતે જે જે પવિત્ર થતા હતા તેનું આલંબન માત્ર વીરપ્રભુ જ હતા. શ્રી વીરપ્રભુએ હજારો જીવોના એકજ આધારરૂપ પોતાના શરીર અને આત્માને દુઃખોનો અસહ્ય વરસાદ સહન કરવાને તત્પરતા જાણે જણાવી હોય તેમ જોવાય છે. પૂર્વકર્મના શત્રુને દૂર કરવાનો જ જે માત્ર ઉપાય હતો તે કર્યા વગર સંપૂર્ણપદ પ્રાપ્ત ન થાય એવું જેને જ્ઞાન હતું તેમણે તેજ ઉપાયથી કર્મશત્રુપર જીત મેળવી અને ક્ષણિક એવા શરીર ઉપર પોતાનો આધાર રાખતા અસંખ્ય જીવોના આત્માને પોતાની પેઠે જ કર્મ શત્રુ ઉપર વિજય મેળવવામાં સહાયતા આપી. ઘણા લાંબા કાળના ઘોર પાપી મનુષ્યો—આત્માઓ અને ભવિષ્યમાં પણ ઘણાકાળે જેઓ પવિત્ર ન થાય તેવા વર્તમાન જીવો તેમના ઘોર ઉપસર્ગો જોઇ અને તેઓશ્રીએ બતાવેલ વ્રત–તપ–સંયમ આદિ માર્ગોનું અવલંબન લઇને પોતાનું શ્રેય કરવાને સમર્થ થયાના દાખલાઓ આજે શાસ્ત્રોમાં છે. જગતના ઇતિહાસમાં વીરપ્રભુનું આ પ્રકારનું દુઃખમય જીવન એક અતિ ચમત્કાર ઉત્પન્ન કરે તેવું છે. અસહ્ય દુઃખો વખતે જેમના ચક્ષુઓ આંસુ વગર રહ્યા છે, જે દુઃખો સહન કરતી વખતે એક શબ્દોચ્ચાર પણ કર્યો નથી અને દુઃખ દેનાર ઉપર અનુકંપા દાખવી તેની દયા ચિંતવી છે તેમાં અનેક ઉમદા છુપા રહસ્ય રહેલા છે. વળી અનેક ઉપસર્ગો સમતાભાવે સહન કરી જેમ તેમણે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે તેમ હજારો જીવોને પણ પરમાત્મપદ અપાવ્યું છે. આજ જીવન વૃત્તાંત શાસ્ત્રકારોએ જણાવ્યું છે, તેજ આપણને આધારરૂપ છે અને તેમાં જે રહસ્ય છે તે જેઓ આજે પણ સમજે છે તેઓ પોતાની ઉન્નતિનો માર્ગ સરલ કરી શકે છે. એ ઉપસર્ગમય ચરિત્ર સાંભળતાં મનુષ્યનું હૃદય દયાર્દ્ર થાય છે, કર્મશત્રુ પ્રત્યે તિરસ્કાર છુટે છે અને તેનાથી મુકત થવા માટે ગમે તે સહન કરવાને શ્રેષ્ઠ આત્મા પ્રયત્નવાન થાય છે. ચરિત્ર સાંભળવાનો, ગુણગ્રામ કરવાનો, જયંતી ઉજવવાનો હેતુ વીર પ્રભુ જેવા થવા પ્રયત્ન કરવો તેજ છે.

I. A.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૨૦૩ થી શરૂ. )

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

જીવ અને જગત્ પોતાની આંતરિક અવસ્થામાં બ્રહ્મ જ છે. મનના ક્રિયા–કલાપોને લઇને આ સાચું ભાન થાય છે.

તમારા મનના સંકલ્પને લઇને જ જગત્ પ્રત્યક્ષ સ્વરૂપમાં આવે છે અને એવા સંકલ્પના ત્યાગની વાત તમને કહેવામાં આવે છે, જો તમને આ જગતથી પર સત્સ્વરૂપમાં વિચરણ કરવાની ઇચ્છા હોય તો—

શરીરને બધા સાંસારિક કામોથી ખેંચી લેવું એ જ મોક્ષ નથી પરંતુ બધી અશુભ વાસનાઓ તથા સાંસારિક પદાર્થોની આસક્તિથી દૂર થઇને પણ એની વચમાં કામ કરવાની મનની એક અવસ્થા છે. તમારે જગત્‌ની અંદર જગત્-દ્વારા જ ભગવાનનો અનુભવ કરવો પડશે. એ ધર્મગ્રંથોનો સાર અને બોધ છે.

તમે મૌન સાધન કરવા લાગશો તો શરૂઆતમાં તમને કંઇક મુશ્કેલ લાગશે. વૃત્તિયો એકવાર જબરદસ્ત આક્રમણ કરશે. અનેક જાતના વિચારો આવશે અને તમને મૌન તોડવા માટે વિવશ કરશે. એ મનની વ્યર્થ કલ્પનાઓ તથા માયા છે. નિર્ભય બનો, બધી શક્તિઓને ભગવાનમાં કેન્દ્રીભૂત કરો. મનને પૂરેપૂરૂં કામે લગાડો. સંગ અને સંભાષણની ઇચ્છા નષ્ટ થઇ જશે. તમને શાંતિ પ્રાપ્ત થશે. વાક્‌-ઇન્દ્રિય મનને બહુ જ ખેંચે છે.

‘ મૂઢ અવસ્થા ’ મનની એક શાંતાવસ્થા છે, જેમાં કેટલોક વખત કોઈ વસ્તુ માટે નથી રાગ થતો; તેમ નથી દ્વેષ થતો. એ જાગ્રત અવસ્થાની વાત છે. એ મનની એક ઉદાસીનાવસ્થા છે, ધ્યાનમાં એ એક વિઘ્ન છે. એને દૂર કરવી પડશે. બીનઅનુભવી સાધક તેનાથી સમાધિના ભ્રમમાં પડી જાય છે.

પ્રકૃતિ મનને કદિ પણ ખાલી નથી રહેવા દેતી. એક ચિંતા દૂર થાય છે કે તરત જ બીજી ઉભી થાય છે. મન કદિ પણ ખાલી નથી હોતું, તેનો પૂર્વ ભોગ અનન્ત છે.

વાસનાને આપણે વિવેક, વિચાર, સાત્વિક આહાર, જપ, સ્વાધ્યાય, પ્રાણાયામ, સત્સંગ વિગેરેથી નિયન્ત્રિત કરવી જોઇએ. ત્યારે જ તમને આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે આપણે ખૂબ ધ્યાન આપીને કોઇ પુસ્તક વાંચીએ છીએ ત્યારે આપણું મન ભાવોમાં જામી જાય છે. એવી રીતે ઇશ્વરના ધ્યાનમાં પણ મન કેવળ આત્મભાવનામાં જામી જાય છે.

' मनः कल्पित जगत् ' સંસાર મનની કલ્પના માત્ર છે. મન કોઈ એવું સ્થૂલ દ્રવ્ય નથી કે જેનાથી આપણે જોઇ શકીએ કે સુંઘી શકીએ. તેનું અસ્તિત્વ કયાંય પણ નથી દેખાતું. તેના પરિમાણનું અંદાજ નથી કરી શકાતું. મન પોતાના અસ્તિત્વ માટે દેશ વિશેષની અપેક્ષા નથી રાખતું. એની પ્રકૃતિની ભાવનાથી પ્રભાવિત થયા વગર તમે તેને વશ કરવાનો યત્ન નથી કરી શકતા. ઉંચા વિચારોથી મનની ગતિ રોકાય છે અને હલકા વિચારોથી તે ઉત્તેજીત થાય છે. તેથી માણસોએ આધ્યાત્મિક પુરૂષોનો સંગ કરવો જોઇએ અને જે મનુષ્યો સમાજમાં ખરાબ ગણાતા હોય તેવાના સંગથી બચવું જોઇએ.

મન આ ભૌતિક શરીરનું સૂક્ષ્મ રૂપ છે ભૌતિક શરીર મનનું બાહ્ય રૂપ છે, તેથી જ્યારે મન વિષમ થાય છે ત્યારે શરીર પણ વિષમતા પ્રાપ્ત કરે છે. જેવી રીતે વિષમ આકૃતિના પુરૂષને જોઇને કોઇપણ મનુષ્યના હૃદયમાં પ્રેમ અને આનંદનો ઉદ્ભવ નથી થતો તેવી રીતે વિષમ મનવાળો પુરૂષ પણ કોઇના હૃદયમાં પ્રેમ અથવા આનંદનો ઉદ્ભવ નથી કરી શકતો. મન મુખાકૃતિમાં ખૂબ સ્પષ્ટરૂપે પોતાની જુદી જુદી અવસ્થાઓને પ્રતિબિંબિત કરે છે જે બુદ્ધિમાન પુરૂષ બહુ જ સ્હેલાઇથી સમજી શકે છે. જેમ જીભ પેટના વિષયની સૂચક છે તેમ મુખાકૃતિ મનના વિષયોની સૂચક છે.

ઇર્ષ્યા અને દ્વેષ બે મહાન ભયંકર વાસનાઓ છે. આપણા શરીર–બંધારણમાં એની જડ એટલી બધી ઉંડી ગઇ છે કે તેને ઉખેડી નાંખવી બહુ જ મુશ્કેલ છે. રાગ અને દ્વેષ જેટલા ભયાનક છે એટલું અભિમાન નથી. જ્યારે મનુષ્ય કોઈ ઉચ્ચપદ પ્રાપ્ત કરે છે અને વધારે દ્રવ્ય ઉપાર્જન કરવા લાગે છે અને તેને બધા સન્માન આપે છે, તેના વખાણ કરે છે ત્યારે તે બહુજ અભિમાની થઇ જાય છે. પછી જ્યારે તે તે પદ ઉપરથી ઉતરી જાય છે અને દ્રવ્યોપાર્જન બંધ થઈ જાય છે ત્યારે તેનું અભિમાન પણ જતું રહે છે. બધે ભૂખે મરનાર માણુસો બહુજ નમ્ર હોય છે અને સફલ મનુષ્યો અભિમાની હોય છે પરંતુ ઇર્ષ્યા અને દ્વેષ એવી વાસનાઓ છે કે જેની જડ ખૂબ ઉંડી જતી જાય છે અને જેને ઉખેડી નાંખવામાં હમેશાં કઠિન પરિશ્રમની જરૂર પડે છે. સતત વિચાર અને તેની વિરૂદ્ધ વૃત્તિયો–પ્રેમ, દયા, સહાનુભૂતિ, કરૂણા દ્વારા એ ઘોર વાસનાઓનો મૂલોચ્છેદ થઇ શકે છે.

વિષયો દ્વારા મન આપણને લલચાવે છે. જ્યાં સુધી આપણને વિષયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તે દૂરથી એક સુખદાયી પદાર્થ લાગે છે. પછી જ્યારે આપણને તે વસ્તુતઃ પ્રાપ્ત થાય છે ત્યારે તે વસ્તુ આપણને દુઃખ અને સંતાપ આપનાર જણાય છે. ઇચ્છા દુઃખમય થઇ જાય છે. વિષય એવા માયિક છે કે તે બુદ્ધિમાન પુરૂષને પણ ભ્રમમાં નાખી દે છે. વસ્તુતઃ એજ પુરૂષ બુદ્ધિમાન છે કે જે એ વિષયોની માયાજાળને નષ્ટ કરી દે છે.

મનને વશ કરવા માટે બે બાબત અત્યંત જરૂરી છે. પ્રાણનિરોધ અને સંગ ત્યાગ. સંગ ત્યાગનો અર્થ સંસારથી અલગ થઇ જવું એમ નથી પરંતુ સંસારના વિષયોની આસક્તિથી તથા તેની કામનાથી પ્રથમ અલગ થવું એ છે.

ઇશ્વરને મનદ્વારા જોવા જોઇએ. ઇશ્વર એવા મનદ્વારા જોઈ શકાય છે કે જે મોક્ષના ચાર ઉપાયોથી યુક્ત હોય છે, જે શમ, દમ, યમ, નિયમના અભ્યાસદ્વારા શુદ્ધ અને સૂક્ષ્મ થઇ ગયું હોય છે, જે યોગ્ય ગુરૂના ઉપદેશથી યુક્ત હોય છે તથા જે શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં મગ્ન થયેલું હોય છે.

મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દિવ્ય જ્ઞાનનું પ્રથમ પગથીયું પ્રાપ્ત થાય છે.

મનની ખરી શાંતિ બહારથી નથી આવતી, પરંતુ જ્યારે મન વશ થાય છે અને તેનું ચિંતન રોકાય છે ત્યારે તે તેવા મનમાં ઉત્પન્ન થાય છે. વાસનાઓ અને ઇચ્છાઓ રોકવામાં ઘણો જ પરિશ્રમ કરવો પડશે. ત્યારે જ તમારી ક્રિયાત્મક પ્રકૃતિ વશીભૂત થશે, તમને વિશ્રામ મળશે અને તમારા વિચારો શાંત થઇ જશે. સત્વગુણથી વિભૂષિત થયેલું મન જ મનુષ્યને શાંત અને ધીર બનાવી શકે છે, પરંતુ રજોગુણથી યુક્ત મન મનુષ્યને બેચેન કરી મૂકે છે અને શાંતિથી બેસવા નથી દેતું. મન ઉપર આહારની મુખ્ય અસર છે. એ આપણા હંમેશના અનુભવની વાત છે, મદ્ય માંસ ઉષ્ણતા ઉત્પન્ન કરે છે અને મનમાં ભોગ–વાસનાને ઉત્તેજીત કરે છે. જુદા જુદા પ્રકારના ભોજન મન તેમજ મગજના જુદા જુદા ભાગોમાં જુદા જુદા પરિણામ ઉપસ્થિત કરે છે. ભારે, કિંમતી, અજીર્ણ ઉત્પન્ન કરનાર ખોરાક લેવાથી મનને વશ કરવાનું ઘણું અઘરૂં થઇ પડે છે. મન હમેશાં વાંદરાની માફક દોડે છે, ભટકે છે અને કુદ્યા કરે છે. દારૂથી મનમાં ભયંકર ઉત્તેજના થાય છે. દારૂ પીતા રહેવાથી મન કદિ પણ વશ નથી થઇ શકતું.

નિરંતર ઇશ્વર ચિંતન કરો. મનને હમેશાં ઇશ્વર તરફ પ્રેરિત કરતા રહેવું જોઇએ. ઇશ્વરના ચરણ કમળમાં મનને એક સુંદર રેશમી દોરીથી બાંધી દો. એવી જ કલ્પના કરો. મનમાં કોઇ પણ સાંસારિક વિચારને ઘુસવા ન દો. મનને કોઇ પણ પ્રકારના શારીરિક કે માનસિક ભોગોના વિષયનું ચિંતન કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન દો. જ્યારે તે એવા વિચારો કરવા લાગે ત્યારે એને હથોડાથી સારી રીતે ટીપો. ત્યારે જ તે ઇશ્વર તરફ વળશે. જેવી રીતે ગંગા સતત્ વહ્યા કરે છે તેવી રીતે ઇશ્વરભાવના હમેશાં પ્રભુ તરફ વહ્યા કરવી જોઇએ. જેવી રીતે તેલ એક પાત્રમાંથી બીજા પાત્રમાં રેડતાં અસ્ખલિત પડે છે, જેવી રીતે ઘડીયાળનો અવાજ કાનમાં અસ્ખલિત સ્વરધારાના રૂપમાં પડે છે તેવી રીતે મન ઇશ્વર તરફ ધારાપ્રવાહવત્ નિરંતર વહ્યા કરવું જોઇએ.

હમેશાં પ્રસન્ન રહો. હસતું જ મુખ રાખો. વિષાદયુક્ત અને મલિન મન કેવી રીતે ઇશ્વર ચિંતન કરી શકે? હંમેશાં ખુશમિજાજ રહેવાનો યત્ન કરો. પ્રસન્નતા તમારો પોતાનો સ્વભાવ છે. એને અનવસાદ કહે છે. સાધકોયે તો આ પ્રસન્નતાની અવસ્થા જરૂર પ્રાપ્ત કરવી જોઇએ.

મનમાં હદ બહારના હર્ષને ઘુસવા ન દો, એ તો પ્રસન્નતાની સીમાનુ અતિક્રમણ કરે છે, પહેલાં કહેવાઇ ગયું છે તેમ મન હમેશાં સીમા તરફ દોડવા લાગે છે, તે સીમા સુખની હોય કે દુઃખની. સીમા પ્રાપ્ત થયા પછી પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે. અત્યધિક આનંદમાં મન કદિ પણ શાંત થતું નથી. મન પ્રસન્ન હોય પણ શાંત હોવું જોઇએ. એને કદિ પણ અધિકતા તરફ દોડવા ન દો. મનને સ્વસ્થ દશામાં, માધ્યમિક સુખની અવસ્થામાં રાખો, મનુષ્ય અત્યધિક દુઃખના આઘાતથી મરી જાય છે તેમ તે અત્યધિક સુખના આઘાતથી પણ મરી જાય છે.

આ સંસાર ત્યાં સુધી જ છે જ્યાં સુધી મન છે. જેવું મન અનુપસ્થિત થાય છે કે તરત જ મન પણ ચાલ્યું જાય છે. એટલા માટે જ મનને નષ્ટ કરી દેવું જોઇએ. બધું સુખ દુઃખ મનમાંથી જ ઉદ્ભવે છે. જેવી રીતે મન શુદ્ધ વિવેક તથા આધ્યાત્મિક સાધનામાંથી નષ્ટ થાય છે તેવી રીતે સુખ દુઃખ પણ નષ્ટ થઇ જશે.

આપણો ખરેખરો શત્રુ કોણ છે? આપણું નહિ જીતાયલું મન.

મન પરમાત્માના પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય છે. આત્મા મનના બધા દૃશ્યો જેવા કે ઇચ્છા, કલ્પના, સંદેહ, વિશ્વાસ, અવિશ્વાસ, લજ્જા, વિચાર, ભય વિગેરેનું અવલોકન કરે છે. એ તો આકાશની માફક નિર્લેપ અને અસંગ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સમાજમાં લેવાતી કેળવણી સંબંધી ભાષણ.

**તા. ૧૮-૩-૩૨ ના રોજ શ્રી પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં મી. નરોતમદાસ બી. શાહે વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ ભાષણની સમાલોચના.**

મી. નરોતમદાસ બી. શાહ, મુંબઇમાં પોતાના ફુરસદના વખતમાં જૈનોની સેવા સારી કરે છે. જૈન કોમની કેળવણી અને આરોગ્યતા એ બે વિષયોના જાણવા પ્રમાણે તેઓ ખાસ અભ્યાસી છે. આ ભાષણ જૈનોમાં શિક્ષણ સંબંધી વર્તમાન સ્થિતિ કેવી તે ઉપર છે. સરકારે કરેલા છેલ્લા વસ્તીપત્રક ઉપરથી જૈનોમાં કેળવણી સંબંધી સ્થિતિ આંકડાઓ ટાંકી બતાવી આપ્યું છે કે મુંબઇ ઇલાકામાં જૈન સમાજને કેળવણી આપવાની નેમ ગમે તે પ્રમાણમાં યોગ્ય ગણાતી હોય છતાં સેંકડે ૯૨ ટકા જેટલી વસ્તી બીલકુલ લખી વાંચી શકતી નથી. તેથી સરકારની તે પ્રમાણે બેદરકારીપણું જણાય તે સ્વાભાવિક છે. હવે જૈનોની કેળવણીની સ્થિતિ સંબંધે છેલ્લા વસ્તીપત્રકના આંકડાઓ રજુ કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે માધ્યમિક કેળવણી પ્રાપ્ત કરવા માટે કેટલી બધી બેદરકારી જૈનો તરફથી બતાવવામાં આવે છે તેનું સ્પષ્ટીકરણ કરેલ છે અને જણાવ્યું કે આવી શિક્ષણશાળાના કાર્યમાં રસ લેનારાઓએ ખાસ ધ્યાન આપવા જરૂર છે. કેળવણીથી મનુષ્ય રફતે રફતે આગળ વધે છે અને તેઓની શકિત ખીલે તો તે મહાન પુરૂષ બને છે, તે માટે ગાંધીજી, ગોખલે, ફીરોજશાહ વગેરેના દાખલા આપી તે વસ્તુ સિદ્ધ કરી છે. વળી શિક્ષણ લીધાથી આચાર, વિચાર અને રહેણી કરણી અને ચારિત્ર કેટલું સુધરે છે તે પણ આ ભાષણમાં બતાવી આપ્યું છે. આ મનની કેળવણી સાથે તનની કેળવણી પણ કેટલી ઉપયોગી અને જરૂરીવાળી છે તે જણાવી આ ગુરૂકુળમાં તેના ઉપર લક્ષ આપવામાં આવતું હોવાથી પોતે આનંદ જાહેર કરે છે. વળી જૈન કોમના બાળકોને માધ્યમિક કેળવણી આપવા માટે જોઇતી જોગવાઇઓ, સામગ્રીઓ તૈયાર કરવા સાથે કેળવણીની રૂઢીમાં સમાયેલી ખામીનો જે દોષ હોય તે આવી સંસ્થા મારફતે દૂર થઇ શકતો હોવાથી આંખ આગળથી અંધકારનો પડદો કોમે દૂર કરી અને આવી જાતના ગુરૂકુળો દરેક પ્રાંતવાર થાય તેવી આકાંક્ષા માધ્યમિક શિક્ષણ લેવાની જરૂરીયાતનો હું હિમાયત કરનારો હોવાથી રાખું છું. જૈનકોલેજ કરતાં મીડલ અને હાઇસ્કુલોની જૈનકોમમાં વિશેષ જરૂરીયાત હું જોતો હોવાથી જૈનોએ પોતાની સખાવતનો ઝરો આ તરફ મુખ્યત્વે વહેવડાવવાની જરૂર છે અને માધ્યમિક શિક્ષણ કોમમાં ફરજીયાત થવું જોઇએ અને પદાર્થને છોડી પડછાયાને પકડવામાં અને સંગીનતાને છોડી તકલાદી બહારની ટાપટીપ તરફ મોહીની બતાવવાના પ્રયત્નમાં કોઇ સરસમાં સરસ યોજનાને સહન કરવું પડે છે તે વસ્તુને જૈન સમાજે છોડી જૈન સમાજે આવા સાર્વજનિક ખાતાને શિક્ષણની સંસ્થાને કોમના હિતના સવાલ માટે એક અવાજે દરેક જૈનભાઇઓએ ટેકો આપી પોતાની બનતી શકિત અને ફરજ બજાવવા પાછા હઠવું નહિં જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસ્થાની કમીટી તરફથી અનુભવ મેળવવા શિક્ષણ સંબંધી તપાસ કરવા મી. નરોતમદાસ બી શાહને પાલીતાણે મોકલવામાં આવ્યા હતા કે જેઓએ ઘણા દિવસો રહી બરાબર તપાસ કરેલ છે તે માટે તેમજ આ વિષયમાં પોતાનો અનુભવ જે પ્રકટ કરેલ છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

# વર્ત્તમાન સમાચાર

## ( રામસેન તીર્થમાં ગ્વાલીયરના આમરાજાની માતાએ કરેલી સેવાવૃત્તિ. )

સંવત્ ૮૦૭ માં દીક્ષિત થયેલા શ્રી બપ્પભટ્ટિ મહારાજ એકદા સ્થંડિલભૂમિ ગયા તેવામાં વૃષ્ટિ થવા લાગી. તેથી તે એક દેવળમાં જઇ ઉભા, તેવામાં એક સુંદર રૂપ અને ભવ્ય આકૃતિવાળો પુરૂપ ત્યાં આવ્યો. તે દેવળમાં શ્યામ પથ્થર ઉપર કોતરેલી એક પ્રશસ્તિ હતી. આગંતુક પુરૂષે તે વાંચી અને બપ્પભટ્ટિને તેનો અર્થ કરવા કહ્યું, તેમણે સ્પષ્ટ અર્થ કર્યો; જે સાંભળીને તે પ્રસન્ન થયો. વર્ષા બંધ થતાં તે બન્ને ઉપાશ્રયે ગયા, આચાર્ય સિદ્ધસેને તેનું નામ પૂછતાં તેણે ખડીના ટુકડાથી પોતાનું નામ 'આમ' આ પ્રમાણે લખ્યું. તેના આ વિવેકથી આચાર્ય ઘણા જ પ્રસન્ન થયા અને વિચાર કરવા લાગ્યા કે આને છ મહિનાનો હતો ત્યારે અમોએ ડીસા પાસે આવેલ રામસેનમાં જોયેલ છે. પીલુડીના વૃક્ષની છાયામાં આને વસ્ત્રની ઝોલીમાં સુવાડ્યો હતો અને એની માતા પીલુ વીણતી હતી. પૂછપરછ કરતાં જાણવામાં આવ્યું કે તે કણોજના મૌર્યવંશી યશોવર્મા રાજાની રાણી છે અને બીજી રાણીની ખટપટના પરિણામે રાજાએ કાઢી મૂકવાથી આવી રીતે વન્યવૃત્તિથી જીવન ગુજારે છે. આ ઉપરથી અમોએ તેણીને આશ્વાસન આપીને મોટા અક્ષરે "રામસેણમાં ચૈત્યના અધિકારમાં રખાતી હતી; ત્યાં ચૈત્યની શુશ્રષા કરતી સુખે રહેતી હતી." ઇત્યાદિ વૃત્તાંત શ્રી બપ્પભટ્ટી પ્રબંધથી જાણવો. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ તીર્થ સં. ૮૦૭ પહેલાંનું પ્રાચીન છે. તેના જીર્ણોદ્ધારમાં મદદ કરવા મહારાજશ્રી હંસવિજયજીએ ઉપદેશ આપતાં હાલમાં ડીસાકેંપના શ્રાવક ચુનીલાલ શેઠે ગુજરાતી તથા મારવાડી ભાઇઓને બોલાવી ટીપ કરી છે તેમજ મુર્શીદાબાદવાળા બાબુ રાજા વિજયસિંહજી તરફથી જીર્ણોદ્ધાર તથા ધર્મશાળામાં રૂ. ૨૫૨) આવેલા છે. બીજા સદ્‌ગૃહસ્થોને જીર્ણોદ્ધાર તથા ધર્મશાળા વાસ્તે મદદ કરવી હોય તો–પાલણપુર તાબે ડીસાકેંપમાં શા. લલ્લુભાઇ નહાલચંદની દુકાને કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब गुजरांवाला के षष्ठ वार्षिकोत्सव का विवरण.

श्री आत्मानंद जैन गुरुकुल गुजरांवाला का षष्ठ वार्षिकोत्सव ईस्टर की छुट्टियों में २५, २६, २७ मार्च सन् १९३२ ई. को गुरुकुलके इहाते में सफलता पूर्वक हुआ। प्रबन्धक समिति के सदस्य २३, मार्च ही को आगये थे। २३ और २४ मार्च को प्रबन्धक समिति की बैठकें होती रहीं। २५ मार्च को गुजरांवाला टाउन स्टेशन पर मनोनीत सभापति का बडी शान से स्वागत किया गया। जुलूस शहर के मुख्य २ बाजारों में होता हुआ वहीं समाप्त हुआ। २ बजै दोपहर को समापतिजीने छात्रों की बनाई हुई वस्तुओं की प्रदर्शिनी का उद्घाटन किया। जनता ने प्रदर्शिनी की वस्तुओं को भली भांति देख कर प्रशंशा की। सभापतिजी ने अपने भाषण में समाज की आवश्यकताओं और गुरुकुल शिक्षण की उपयोगिता पर प्रकाश डाला। इस अवसर पर श्रीयुत सभापति **शेठ बाबु साहेब बहादुरसिंहजी सिंघी कलकत्ता निवासी** के साथ दो और सज्जन कलकत्ते से पधारे थे। व उत्सव में सम्मिलित होने वाले सज्जनों में मुनि तिलकविजयजी, मुनि कृष्णचन्द्रजी, यति विनयविजयजी, पं. जुगलकिशोरजी, पं. सुखलालजी, सेठ दयालचन्दजी, लाला दौलतरामजी, प्रो. ज्ञानचंद्रजी, डा. बनारसदासजी, बा. गोपीचन्द्रजी और बाबू मूलचन्द्र बोहरा आदि सज्जनों के अतिरिक्त श्रीमति रामादेवजी, और श्रीमति दुर्गादेवीजी के नाम उल्लेखनीय है। जाति के प्रसिद्ध सज्जनों के संदेश सुनाये जाने के पश्चात् गुरुकुल की सन् १९३१ के हिसाब और रिपोर्ट सुनाये गये। विद्यार्थियों की फौजी ड्रिल हुई। रात को ८ बजे से विद्यार्थियों के भजन सम्वाद आदि के बाद बहिन रामदेवीजी का स्त्री समाज के सुधार पर व्याख्यान हुआ।

२६ मार्च को प्रबन्धक समिति की बैठक के बाद संरक्षकों की मीटिंग हुई और २ बजेसे वि. के. भंजन व्याख्यान के बाद मुनि तिलकविजयजी का व्याख्यान हुआ। पं. जुगलकिशोरजीने पं. सुखलालजी का प्रभावशाली निबंध जैन सम्प्रदायों के भेदाभेद पर हुआ। सभापतिजीने परिक्षार्थं वि. को तत्काल बोलने को कहा। विद्यार्थी सफलता पूर्वक बोले। परिणाम स्वरूप पं. सुखलालजीने वि. और शिक्षकों को उत्साहित किया। रात्रि को वि. के व्याख्यान, भजन और संवाद के पश्चात् डाक्टर K. N. Sitaram M.A.Ph.D. curator

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



central museum Lahor. का प्रभावशाली व्याख्यान "जैन धर्म का भारत के कला कौशल्य में स्थान" पर हुआ। उन्होंने बडी योग्यता सेकडों अकाट्य प्रमाण देकर यह सिद्ध किया कि जैनधर्म भी किसी समय में राजधर्म रह चुका है। भारत का कोई प्राकृतिक दृश्य ऐसा नहीं है जहां पर जैन मंदिर, जैन मूर्ति और जैनियों की यादगार न हो, कई शताब्दियों तक जैनधर्म वही भारतीय जनता का धर्म रहा है।

२७ मार्च को शिक्षा समिति की मीटिंग के बाद नये वि. का प्रवेश संस्कार हुआ। तदनन्तर डा. K. N. Sitaram M.A Ph D. का दूसरा भाषण अंग्रेजी ही में "जैनधर्म का मानव समाज को संदेश" पर हुआ, जिस में बतलाया कि अहिन्सा के सन्देशने २५०० वर्ष पहले जिस सुख और शांति को स्थापित किया था वही अहिंसा का सन्देश आज फिर दुनिया को जीवन प्रदान कर रहा है। दोपहर को २ बजे से विद्यार्थियों के भजन, संवाद और भाषण के बाद श्रीमति दुर्गादेवीजी का भाषण हुआ। तत्पश्चात् पं. सुखलालजीने जनता को समझाया कि जैन जाति को अहिंसा का सदुपेयाग भूल गया है कि अहिंसा की जान सेवा है और सेवा का क्षेत्र जैनियों का विशाल होना चाहिये। सभाने के एक भाई के गायन और जंडियाले के भा. प्यारेलालजी के व्याख्यान के पीछे त्रस्टी, ऑडीटरान और प्रबन्धक समिति के सदस्थों का चुनाव हुआ। रात को वि. के भजन, संवाद और वाद विवाद प्रबन्धक समिति का चुनाव १२ बजे तक हुआ और उत्सव सहर्ष समाप्त हुआ।

गुरुकुल को श्री सुमतिविजयजी व अन्य मुनिराजों की प्रेरणा से नारोवाल निवासी भा. दिखीराम जंगीरीमलजीने अपनी सारी संपति जिस का अन्दाजा लगभग १५००० किया जाता है दान की जिस के लिए वसीयतनामा रजिस्ट्री हो चुका है। और भी दान की कई छोटी २ रकमें प्राप्त हुई। इस अवसर पर श्री हस्तिनापुर तीर्थ क्षेत्र समिति की एक बैठक भी हुई। और पंजाब जैन महासभा की भी बैठक हुई। पंजाब जैन स्त्री समाज का भी अधिवेशन हुआ। संरक्षक परिषद में गुरुकुल के संबंध में बहुतसी ठीक २ बातें संरक्षको को बताइ गइ, जिनसे उन के भ्रम दूर हुए। अधिवेशन अपने उद्देश्य के लिहाजसे अति सफल हुआ।

—मानद् मंत्री.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સુધારો.

ગયા અંકના પૃષ્ટ ૧૯૦ લીંટી પાંચમીમાં ××××× "અપરિતાપને માટે થતા નથી" તેને બદલે "અપરિતાપ તાપને માટે થાય છે" તેમ વાંચવું.

## ડૉ૦ નગીનદાસનો સ્વર્ગવાસ.

ડૉ૦ નગીનદાસનું ચોત્રીશ વર્ષની ભરયુવાન વયે અકાળ મૃત્યુ સાંભળતાં કોઇ પણ જૈનને શોક થયા સિવાય રહે નહિં. આ ઉછરતા યુવાન નરરત્ન પાસેથી જૈન યુવાનોએ ઘણી આશાઓ રાખેલી; કારણકે કુનેહથી અને વગર ભીતિએ માર્ગે દોરનાર સુકાની જેવા યુવકો માટે તેઓ નાયક જેવા હતા. ભાઇ નગીનદાસ અર્થશાસ્ત્રના પ્રોફેસર હતા અને બનારસની હીંદુ યુનીવરસીટીમાં પણ શિક્ષક તરીકે કામ કર્યું હતું. છેલ્લા કેટલાક વખતથી સીડનહામ કૉલૅજમાં જોડાયા હતા. યુવાનોની અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોવાથી તેમણે પોતાની પ્રતિષ્ઠા જમાવી હતી. શ્રી મહાવીર વિદ્યાલયમાં ગૃહપતિ તરીકે પણ કેટલોક વખત રહેલા. આવા એક માયાળુ, શાંત, અભ્યાસી, કર્તવ્યપ્રેમી યુવકના સ્વર્ગવાસથી જૈન સમાજે એક નરરત્ન ગુમાવ્યું છે. અમો તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## શેઠ ભગવાનલાલ માણેકચંદનો સ્વર્ગવાસ.

ભાઈ ભગવાનલાલ માણેકચંદ માત્ર થોડા વખતની બિમારી ભોગવી શુમારે પચાશ વર્ષની વયે ચૈત્ર શુદ ૧૫ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે માયાળું સરલ, ધર્મપ્રેમી અને સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરનારા હતા. સ્વકમાઇથી પૈસો પ્રાપ્ત કરતાં યથાશક્તિ ધાર્મિક કાર્યોમાં વ્યય કરતા હતા. તેઓને પુસ્તકોનો વાંચનનો અજબ શોખ હતો અને વેપાર સાથે વાંચન પણ ખુબ વૃદ્ધિ પામ્યે જતું હતું. આ સભા ઉપર પ્રેમ હોવાથી કેટલાંક વર્ષથી આ સભાના લાઇફમેમ્બર થયા હતા. તેઓના સ્વર્ગવાસથી આ સભા પોતાની અત્યંત દિલગીર જાહેર કરે છે અને તેના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી તેમના કુટુંબને દિલાસો આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પ્રભાચંદ્રસુરિ કૃત—

# શ્રી પ્રભાવકચરિત્ર.

વર્તમાનકાળના પ્રભાવક બાવીશ આચાર્યોના જીવન ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ સં. ૧૩૩૮ માં લખાયેલ જૈનકથા અને ઇતિહાસસાહિત્યમાં અભિવૃદ્ધિ કરે છે. ઇતિહાસ અને કથા સાથે કવિત્વ પોષવામાં અને સાહિત્યનો રસ જમાવવામાં પણ ગ્રંથકર્ત્તા મહારાજે જેમ લક્ષ આપ્યું છે તેમજ તે વખતના સામાજિક, ઐતિહાસિક, રાજકીય સ્થિતિનો પણ ઉલ્લેખ કરી લેખક મહારાજે પોતાની ઇતિહાસપ્રિયતા સિદ્ધ કરી છે. જેથી ઇતિહાસના પણ ભિન્ન ભિન્ન સમયના સુંદર પ્રકરણો આમાંથી મળી રહે છે જેથી જૈન કે જૈનેતર ઇતિહાસના અભ્યાસી અને લેખકોને આવકારદાયક સામગ્રી આ ગ્રંથ પૂરી પાડે છે. આ મૂળ ગ્રંથ કેટલોક અશુદ્ધ છપાયેલ, તેની શુદ્ધિ માટે તેમજ તેની સુંદરતા અને પ્રમાણિકતામાં વધારો કરવા માટે ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજને વિનંતિ કરતાં તેઓશ્રીએ શુદ્ધિ કરવા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પ્રબંધ પર્યાલોચના લખી તેમાં આવેલ ચરિત્રનાયકોનો પરિચય આપવામાં જે શ્રમ લીધેલ છે અને તેને લઇને આ ઇતિહાસિક અને કથાસાહિત્ય ગ્રંથની ઉપયોગીતા અને સુંદર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રંથ માટે અનેક જૈન અને જૈનેતર પેપરોએ પ્રશંસા કરી છે. રોયલ આઠ પેજી સાઠ ફોર્મ પાંચસો પાનાનો ઉંચા કાગળ, સુંદર ગુજરાતી ટાઇપથી છપાઇ આકર્ષક મજબુત બાઇન્ડીંગથી અલંકૃત કરાવેલ છે. કિંમત રૂા ૨–૮–૦ કપડાનું બાઇન્ડીંગ પોણા ત્રણ રૂપિયા. પોસ્ટેજ જુદું.

—•—

# ધર્મપરીક્ષા.

( શ્રી જિનમંડનગણિ વિરચિત. )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાએ કરી ગ્રહણ થાય છે તેમ કેવા પ્રકારની પરિક્ષા (ગુણો) એ કરીને ધર્મ ગ્રહણ કરવો તે આઠ ગુણોનું વિસ્તારપૂર્વક વિવેચન અને તે સાથે ઉપદેશક, સુંદર મનનપૂર્વક વાંચતાં હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જિજ્ઞાસા થાય તેવી જુદી જુદી દશ કથાઓ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આત્માના દ્રવ્ય–ભાવરૂપી રોગોને દૂર કરવા માટે રસાયનરૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મરજને દૂર કરી આત્માને અત્યંત નિર્મળ કરનાર સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમપદ મોક્ષનો અધિકારી બનાવે છે. પંદર ફોર્મ બશેંહ ઉપરાંત પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. ચૈત્ર. આત્મ સં. ૩૬. અંક ૯ મો.

## દયા ધર્મને ખાદી જ ખપે.

"ખાદી લઇએ છીએ તો દિવસની જેની આનો દોઢ આનો કમાણી છે એવા રાંક માણસોને કમાણી મળે છે. મીલનું કાપડ લઈને રાંકને એ પૈસા આપવાનો આપણને જે અવસર મળ્યો હતો તેને ચુકયા, એટલે એને ભૂખે મારવાનું ને ટાઢ્યે ઠારવાનું એક તો આપણને પાપ લાગ્યું. અને બીજું જેને આજે પણ એકે વતે ઉણપ નથી એવા શાહુકારને આપણે હરામની કમાણી ઉભી કરી આપી. જે વડે એ પાપ કરે એના આપણે ભાગીયા બન્યા. ત્રીજું, મીલના મજૂરની શારીરિક અને આધ્યાત્મિક અધોગતિ થાય છે એનું પણ આપણને પાપ લાગ્યું. મીલનું કાપડ લેવામાં આમ ત્રિવિધ પાપ છે. ખાદી લેવામાં પંચેન્દ્રિયમાં શ્રેષ્ઠ માણસ પ્રત્યે દયા છે. એટલે દયાધર્મને ખાદી જ ખપે. માટે જે ખાદી પહેરતો નથી તે જૈન નથી."

'પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો' માંથી

For Private And Personal Use Only